# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મહિલા નેતૃત્વ વિકાસના વિઝનને સાકાર કરવા ગુજરાત કટિબદ્ધ હોવાનું જણાવતા મુખ્યમંત્રી
2. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરના ઉમેદવારોની આખરી પસંદગી યાદી જાહેર
3. સુરત શહેર SOG એ ચૌદ સો કિલો શંકાસ્પદ નકલી પનીરના જથ્થા સાથે એકને ઝડપ્યો
4. પવનની ગતિ વધવાને કારણે આગામી બે દિવસ દરમિયાન ગરમીમાંથી રાહત મળવાની આગાહી
5. ટી-20 વિશ્વકપ ક્રિકેટમાં મુંબઇ ખાતે રમાઇ રહેલી બીજી સેમિ ફાઇનલમાં ઇગ્લેંડે ટોસ જીતીને ભારતને બેટિંગ સોપ્યું

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GU CONVENTION CENTRE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે વિકાસ ત્રિવેણીનો પ્રારંભ કરાવતાં જણાવ્યું કે પ્રધાનમંત્રીએ આપેલા મહિલાશક્તિ નેતૃત્વના વિકાસના અભિગમને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે.

ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરનું વિદ્યાગૌરી નિલકંઠ સભાપુરમ નામકરણ, નવનિર્મિત રિસર્ચ પાર્કનું લોકાર્પણ તથા herSTARTના પાંચમાં સંસ્કરણનો આરંભ કરાવતા મુખ્યમંત્રીએ આ પ્રમાણે કહ્યું હતું..

ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ કાઉન્સિલ-GUSEC દ્વારા વિમેન સ્ટાર્ટઅપ્સને ઇન્ક્યુબેશન, મેન્ટરશીપ અને માર્કેટ એક્સેસ સપોર્ટ આપવાના આશયથી herSTART કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે તેનું પાંચમું સંસ્કરણ ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ થયું છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, દેશની યુવાશક્તિના ઇનોવેશન્સને નવી દિશા આપવા શરૂ કરાવેલું સ્ટાર્ટઅપ ઇન્ડિયા હવે રિવોલ્યુશન બની ગયું છે. એક દાયકા પહેલા દેશમાં 500થી ઓછા સ્ટાર્ટઅપ હતા તે વધીને હવે અંદાજે 2 લાખ સુધી પહોંચી ગયા છે તેમાં પણ મહિલાશક્તિની અડધોઅડધ

ભાગીદારી છે. એટલું જ નહિ, વિમેન-લેડ સ્ટાર્ટઅપ ફંડિંગમાં ભારત અગ્રિમ હરોળમાં આવી ગયુ છે.

**બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી**

તેમણે પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતક વિદ્યાગૌરી નિલકંઠના નામ સાથે યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરને જોડીને વિદ્યાગૌરી નિલકંઠ સભાપુરમ નામકરણ માટેની ગુજરાત યુનિવર્સિટીની પહેલની પણ સરાહના કરી હતી.

# GUJ GOVT MEDICINE

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની  એક હજાર ૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ એક હજાર ૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.

એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# GUJARAT POLICE RECRUITMENT FINAL RESULT

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર નું અઁતિમ પરિણામ જાહેર થયું છે. પોલીસ સબ ઇન્સ્પેક્ટર ની કેડરના એક હજાર 25 ઉમેદવારોના દસ્તાવેજની ચકાસણી પૂર્ણ થતાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોની આખરી પસંદગી યાદી ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા 472 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ..ભરતી પ્રક્રિયામાં ૪ લાખ ૬0 હજારથી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી આપી હતી..શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા એક લાખથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવાઈ હતી.

# GUJ CEO

મુખ્ય નિર્વાચન અધિકારી તરીકેનો આજે ચાર્જ સાંભળતાની સાથે જ સંદીપ સાગલેએ પ્રથમ દિવસે તમામ શાખાઓના અધિકારીઓ સાથે રાજ્યવ્યાપી તંત્રની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. જેમાં ચૂંટણી સંચાલન, સંકલન, મતદારયાદી, મીડિયા સેલ, ફરિયાદ, આઈ.ટી. સહિતની વિવિધ શાખાઓના જવાબદાર અધિકારીઓ પાસેથી મુખ્ય નિર્વાચન અધિકારીએ વર્તમાન સ્થિતિનો તાગ મેળવી, જરૂરી સૂચનો આપ્યા હતા. જેમાં તેમણે રાજયથી માંડી જિલ્લા સુધી તમામ સ્તરે તાલીમ સુયોગ્ય રીતે થાય તેના પર ભાર મુક્યો હતો. તાલીમ મોડ્યુલમાં રચનાત્મકતા લાવવા તાકીદ કરી હતી.

# SURAT DUPLICATE PANEER

સુરત શહેર એસઓજીએ 1400 કિલો શંકાસ્પદ નકલી પનીર નો જથ્થો ઝડપી પાડ્યો છે. જેની કિંમત રૂપિયા ત્રણ લાખ કરતાં ઉપરની છે.. શહેરના પાંડેસરાના ભીડભંજન સોસાયટીમાં આવેલ કારખાનામાં દરોડા પાડીને આ નકલી પનીરનો જથ્થો ઝડપી લેવાયો હતો..સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગની ટીમને સાથે રાખી થયેલી કાર્યવાહી આ કાર્યવાહીમાં એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી હોવોનાનું એસઓજીના સુરત શહેરના ડીસીપી રાજદિપસિંહ નકુમે જણાવ્યું હતું .

**બાઈટ :રાજદીપસિંહ નકુમ - DCP સુરત શહેર SOG**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KWANT GAIR MELA STAMP

રાજ્યની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાની દિશા સ્વરૂપે મુખ્યમંત્રીએ કવાંટ ગેર મેળા"ની સાંસ્કૃતિક મહત્તાને ઉજાગર કરતી ટપાલ ટિકિટ અને વિશેષ કવરની પ્રથમ પ્રતનું ગાંધીનગરમાં અનાવરણ કર્યું હતું. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ ટપાલ ટિકિટ અને કવરની ભેટ આપી હતી.

# AASHA SAMMELAN-DANG

ડાંગ જીલ્લાના આહવા ખાતે આશા ફેસિલિટેટર સંમેલન ૨૦૨૫-૨૬ યોજાયું. ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજય પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સંમેલનમાં આશા બહેનોની કામગીરીને બિરદાવતા શ્રી પટેલે જણાવ્યું કે આશા બહેનોની કામગીરીનાં કારણે જિલ્લામાં માતા મરણ અને બાળ મરણમાં નોંધાપાત્ર ઘટાડો થયો છે.

આ સંમેલનમાં આશા બહેનોને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ, કસ્તુરબા પોષણ યોજના, ચિરંજીવી યોજના, એનિમિયા મુક્ત ભારત, જેવી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓની વિગતવાર માહિતી અપાઈ હતી.

આ સંમેલનની સાથે સાથે પંચાયતી રાજ સંસ્થાના પ્રીતિનિધિઓની કાર્યશાળાનું પણ આયોજન કરાયું.

# WEATHER

રાજ્યમાં ગરમીનો પારો 39 ડિગ્રીને પાર પહોંચ્યો છે. છેલ્લા 24 કલાકના આંકડા મુજબ સૌરાષ્ટ્રના રાજકોટમાં મહત્તમ તાપમાન 39.2 ડિગ્રી નોંધાતા રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું  છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આગામી 24 થી 48 કલાક દરમ્યાન મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરી છે.

**(બાઇટ –પ્રદીપ શર્મા –હવામાન વિભાગ )**

# CRICKET T20 WORLD CUP

ICC પુરુષ T-20 વિશ્વ કપની બીજી સેમિફાઇનલમાં આજે  મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે. ઇંગ્લેન્ડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતના 4 ઓવરમાં 1 વિકેટે 45 રન થયા છે. આજની મેચની વિજેતા ટીમ રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઇનલમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.

## RPF -RAJKOT

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા દળ (RPF) એ ઓપરેશન અમાનત હેઠળ મુસાફરોનું અંદાજે 2.35 લાખ રૂપિયાનો ગુમ થયેલ સમાન મુસાફરોને પરત કર્યો છે જ્યારે રેલવે સંપત્તિ ચોરીના કેસોમાં 10 આરોપીઓની ધરપકડ કરાઇ ,ઉપરાંત ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ 5 બાળકોને સુરક્ષિત રીતે તેમના પરિવારજનો સાથે મિલાવ્યા.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાએ આરપીએફ ટીમની પ્રશંસા કરતાં જણાવ્યું કે, “મુસાફરોની સુરક્ષા અને રેલવે સંપત્તિનું રક્ષણ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અને રેલવે સુરક્ષા દળ તેના માટે સતત પ્રતિબદ્ધ છે

# CIVIL HOSPITAL-AHMEDABAD

અમદાવાદ સિવિલના તબીબોએ બે અલગ અલગ જટિલ કિસ્સાઓમાં બે  બાળકોને નવી જિંદગી આપી છે .

બનાસકાંઠા જિલ્લાના એક ખેડૂતપરિવારના  બાળકને એરગનની ગોળી છાતીમાં વાગી જતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયું હતુ. તો બીજી તરફ, અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારના એક બાળકને શ્વાસનળીમાં પથ્થર ફસાઈ જતાં ગંભીર હાલતમાં સિવિલ ખસેડાયો હતો. સિવિલના તજજ્ઞ તબીબોએ તાત્કાલિક ઓપરેશન કરી બંને બાળકોના જીવ બચાવ્યા હતા.

# CM SHEPING TOMMROW BOOK

મુખ્યમંત્રીએ શેપિંગ ટુમોરોઝ સીટીઝ – ફ્રોમ ક્લાયમેટ રીસ્ક ટૂ ગ્રીન ઓપોર્ચ્યુંનીટીઝ" પુસ્તકનું ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું. બદલાતાં વિશ્વમાં શહેરીકરણ-અર્બનાઇઝેશન સૌથી વધુ પરીવર્તનકારી પ્રક્રિયા છે. તેને સમસ્યા નહિ પરંતુ સસ્ટેનેબલ, ક્લાઇમેટ રીઝીલીયન્ટ અને ઇનોવેટીવ સિટીઝ તરીકે વિકસાવવાની તકોનું આ પુસ્તકમાં આલેખન થયું છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર અધિકારી. શાલિની અગ્રવાલે, વિશ્વના દેશોના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બનાઇઝેશન અનુરૂપ ભવિષ્યના શહેરી વિકાસના વિઝનથી આ પુસ્તકમાં નિરૂપણ કર્યુ છે.

# SMVS-CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા - SMVS ના સ્થાપક પૂ. બાપજીનો ૯૩મો પ્રાગટ્ય મહોત્સવ યોજાયો.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી પટેલે જણાવ્યું કે SMVS જેવી સંસ્થાઓ શિક્ષણ અને સંસ્કાર સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વય દ્વારા યુવાનોને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મદદરૂપ બની રહી છે.

તેમણે ઉમેર્યું કે ટેકનોલોજીના યુગમાં યુવાનોમાં ચિપ ડિઝાઇન, AI અને એડવાન્સ ટેકનોલોજીના કૌશલ્ય વિકાસ માટે આવી સંસ્થાઓ ટેકનિકલ અભ્યાસક્રમો દ્વારા વિકાસને વેગવાન બનાવી રહી છે. શ્રી પટેલે ભૂકંપ, પૂર, વાવાઝોડું કે કોરોના જેવી મહામારીમાં સંસ્થાની નોંધપાત્ર સેવાકીય કામગીરીને બિરદાવી હતી.